# ટૂંકી મુદતનો પ્રશ્ન

**તા.૨૧/૦૮/૨૦૨૪**

**રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળવા બાબત**

ટૂં.મુ. પ્રશ્ન ક્રમાંક:– 15/5/5 **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે,

**જવાબ**

(૧) સીઝનમાં ખાતરની જરૂરીયાત અંગે ખાતા કક્ષાએ ખાતર કંપનીઓ તથા ટેકનીકલ અધિકારીઓ સાથે પ્રિ–સીઝનલ બેઠક કરવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૦૬/૦૨/૨૦૨૩ |
| રવી–૨૦૨૩ | ૨૮/૦૮/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૩/૦૨/૨૦૨૪ |

ખાતરની જરૂરીયાત નક્કી કરવા રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે અને તે આધારિત સીઝનની માંગણી કેન્દ્ર સરકારશ્રીમાં મોકલવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૧૦/૦૨/૨૦૨૩ |
| રવી–૨૦૨૩ | ૧૨/૦૯/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૫/૦૨/૨૦૨૪ |

ભારત સરકારશ્રી સાથે સીઝન શરૂ થતા પહેલા ઝોનલ કોન્ફરન્સ થાય તેમાં ખાતરની જરૂરીયાત બાબતે ચર્ચા અને રજૂઆત કરવામાં આવે છે.

| સીઝન | બેઠકની તારીખ |
|---|---|
| ખરીફ–૨૦૨૩ | ૧૫/૦૨/૨૦૨૩ |
| રવી–૨૦૨૩ | ૦૪/૦૯/૨૦૨૩ |
| ખરીફ–૨૦૨૪ | ૦૭/૦૨/૨૦૨૪ |

– સપ્લાયના મોનીટરીંગ માટે ખાતર કંપનીઓ સાથે માસિક સમીક્ષા બેઠક કરવામાં આવે છે.

– ભારત સરકારશ્રી દ્વારા આયોજીત અઠવાડિક વિડીયો કોન્ફરન્સમાં ખાતરની જરૂરીયાત બાબતે સમીક્ષા કરવામાં આવે છે.

– જિલ્લા કક્ષાએ ખેતીવાડી ખાતાના અધિકારીઓ દ્વારા સપ્લાય, જરૂરીયાત અને વિતરણનું મોનીટરીંગ કરવામાં આવે છે.

– ભારત સરકારશ્રી દ્વારા રાસાયણિક ખાતરનો સપ્લાય મુજબનો જથ્થો મેળવી ઓફ સીઝનને અનુરૂપ આગોતરા આયોજન માટે સંગ્રહ કરવામાં આવે છે અને જરૂરિયાતના આંકલન મુજબ જિલ્લા કક્ષાએથી જથ્થો છુટ્ટો કરવામાં આવે છે.

આ ઉપરાંત ખાસ સંજોગોમાં ખાતર કંપનીઓ સાથે સંકલન રાખવામાં આવે છે અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કરવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા યુરીયા અને ડી.એ.પી. ખાતરના કેટલા જથ્થાની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા કેટલો જથ્થો મંજૂર કરવામાં આવ્યો?

(૨)

| **સીઝન** | **ખાતરનું નામ** | **કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ માંગણી (મેટ્રિક ટન)** | **કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરેલ જથ્થો (મેટ્રિક ટન) (સિઝનના ઉઘડતા સ્ટોક સાથે)** |
|---|---|---|---|
| **ખરીફ-૨૦૨૩** | યુરીયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૦૦,૮૨૩ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૨૫,૦૦૦ | ૮,૯૦,૧૫૩ |
| **રવી-૨૦૨૩** | યુરીયા | ૧૩,૭૫,૦૦૦ | ૧૫,૨૮,૧૩૪ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૦૦,૦૦૦ | ૮,૩૫,૨૯૩ |
| **ખરીફ-૨૦૨૪** | યુરીયા | ૧૨,૭૫,૦૦૦ | ૧૪,૯૫,૩૨૩ |
| | ડી.એ.પી અને અન્ય ફોસ્ફેટીક | ૬,૪૫,૦૦૦ | ૮,૯૦,૫૨૮ |